પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮ | ૧૯ માર્ચ, ૨૦૧૮, સોમવાર ; ચૈત્ર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### યમુના એક્સપ્રેસ-વે પર અકસ્માત : ૩ તબીબોનાં મોત

યમુના એક્સપ્રેસ વે પર પુરપાટ ઝડપે જઈ રહેલી કાર એક કન્ટેનર સાથે જઈને અથડાઈ હતી. આ ભિષણ અકસ્માતમાં એઈમ્સનાં ૩ ડૉક્ટરોના મોત નિપજ્યાં છે. એઈમ્સ હોસ્પિટલના ડોક્ટરોની ઈનોવા કાર માઈલ સ્ટોન ૮૮ પાસે એક કંટેનર સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાં સવાર એઈમ્સના ૩ ડૉક્ટરોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં.

### એક પાટા પર બે ટ્રેન..?? રેલવે વિભાગે ખુલાસો કરવો પડ્યો

સુરત-મુંબઈના વ્યસ્ત રેલવે ટ્રેક પર બે ટ્રેન સામસામે આવી ગઈ હોવાનો વીડિયો વાયરલ થતા હોબાળો મચી ગયો છે. જોકે, રેલવે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ભેસ્તાન ખાતે ઈન્ટરલોકિંગ સિસ્ટમનું કામ ચાલતું હોવાથી એક જ ટ્રેક પર બે ટ્રેન આગળ પાછળ ઉભી છે.

### હાફીઝ સઈદની સંપત્તિઓ જપ્ત કરવા કાર્યવાહી

આતંકવાદીઓને પોતાની વિદેશનીતિનો ભાગ બનાવનારા પાકિસ્તાન પર ચારેકોરથી પસ્તાળ પડી રહી છે. તેમાં પણ અમેરિકાએ હુક્કા પાણી બંધ કરતા પાકિસ્તાન ફફડી ઉઠ્યું છે. પાકિસ્તાને આતંકવાદી હાફીઝ સઈદની સંપત્તિઓ જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરી દીધી છે.

# આજે એનડીએ સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત

**વાયએસઆર કોંગ્રેસની દરખાસ્તને કોંગ્રેસ સહિત વિપક્ષનો ટેકો : મોદી સરકારની સામે માહોલ સર્જવા વિપક્ષની આક્રમક તૈયારી પૂર્ણ બહુમતિ હોવાથી સરકારની સામે કોઇ સંકટ નથી**

નવીદિલ્હી, તા. ૧૮

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે આવતીકાલે વાયએસઆર કોંગ્રેસ પાર્ટી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવનાર છે. વાયએસઆરના સાંસદ વાઈબી સુબ્બા રેડ્ડી કેન્દ્ર સરકારન સામે લોકસભામાં અવિશ્વાસ દરખાસ્ત રજૂ કરનાર છે. આ મામલે રેડ્ડીએ લોકસભાના મહાસચિવને નોટીસ આપીને આ મુદ્દાને સોમવારના દિવસે કાર્યવાહીમાં હાથ ધરવા માટે કહ્યુ હતુ. સાથે સાથે આ મુદ્દા પર વિપક્ષી દળોના નેતાઓ સાથે વાતચીત કરી હતી. મોટા ભાગના વિરોધ પક્ષો અવિશ્વાસ દરખાસ્તને ટેકો આપી રહ્યા હોવા છતાં સરકારની સામે કોઈ ખતરો નથી. અવિશ્વાસ દરખાસ્ત મારફતે મોદી સરકારની સામે માહોલ બનાવવાના વિપક્ષ દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ દરખાસ્તને હવે મંજુરી મળી શકે છે. કારણ કે, મોટાભાગના વિરોધ પક્ષોએ આને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે.

વાયએસઆર કોંગ્રેસ તરફથી રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવને મોટાભાગના વિરોધ પક્ષોનો ટેકો મળી રહ્યો છે. કોંગ્રેસ, અન્નાદ્રમુક, ટીએમસી, એનસીપી અને સીપીએમ જેવા મોટા પક્ષોએ અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. અલબત્ત વર્તમાન સ્થિતિમાં ભાજપ એકલા દમ પર બહુમતિ પુરવાર કરવાની સ્થિતિમાં તેની સામે કોઈ સંકટ નથી પરંતુ વિરોધ પક્ષોને મોદી સરકાર ઉપર પ્રહાર કરવાની તક મળશે. રાજ્ય સભામાં પીયુષ ગોયેલે કહ્યું હતું કે, કોઈપણ સરકાર વર્તમાનની મોદી સરકારથી આંધ્રપ્રદેશના લોકોની જરૂરિયાતો અને માંગોને લઈને વધારે સંવેદનશીલ હોઈ શકે નહીં. સરકાર ખુબ જ ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે. આંધ્રપ્રદેશ તમામ મદદ કરવામાં આવી રહી છે.

આમ આદમી પાર્ટીએ પણ મોદી સરકાર સામે અવિશ્વાસ દરખાસ્તને ટેકો આપવાની જાહેરાત કરી છે. ટીડીપી અને વાઈએસઆર કોંગ્રેસની દરખાસ્તને શિવસેના પણ ટેકો આપી શકે છે. ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ આ પક્ષોએ તેમના નિર્ણયની જાહેરાત કરી હતી. ગૃહમાં સંસદમાં ઓછામાં ઓછા ૫૦ સભ્યો હોવાની સ્થિતિમાં અવિશ્વાસની દરખાસ્ત સ્વીકારવામાં આવે છે.

એનડીએની સરકારની અવધિ દરમિયાન પ્રથમ દરખાસ્ત લાવવામાં આવનાર છે. લોકસભામાં કોંગ્રેસના ૪૮ સાંસદો છે. અન્નાદ્રમુકના ૩૭, ટીડીપીના ૧૬, વાયએસઆર કોંગ્રેસ અને સીપીએમના ૯-૯ સભ્યો રહેલા છે. એઆઈએમઆઈએમ એક સાંસદ ધરાવે છે. ભાજપ આને લઈને કોઈપણ પ્રકારથી ચિંતિત નથી. ભાજપ પોતાની તાકાત પર બહુમતિ ધરાવે છે પરંતુ તેની સાથે સાથી પક્ષો અલગથી છે. જેથી તેની સામે વિરોધ પક્ષોને કોઈ ફાયદો થનાર નથી. મોદી સરકારને એલજેપી છ સભ્યો ધરાવે છે. અકાળી દળના ચાર, આર એલ એસ પીના ત્રણ, જેડીયુના બે અને અન્યોના છ સભ્યો રહેલા છે.

# મોદી સરકારના પરિણામે આર્થિક સ્થિતિ કફોડી : મનમોહનસિંહ

**કોંગ્રેસના અધિવેશનમાં મનમોહનસિંહના પણ આકરા પ્રહારો : આતંકવાદની સમસ્યાને હાથ ધરવા માટે ઉદાસીન વલણ નરેન્દ્ર મોદી સરકારે અપનાવ્યું છે જેથી સ્થિતિ દિનપ્રતિદિન ખરાબ થઇ રહી છે : પૂર્વ વડાપ્રધાન**

નવીદિલ્હી, તા. ૧૮

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કેન્દ્રની મોદી સરકાર ઉપર આજે આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, દેશની ઈકોનોમીને દેશની વર્તમાન સરકારે બરબાદ કરી દીધી છે. કોંગ્રેસના ૮૪માં મહાઅધિવેશનને સંબોધતા મનમોહનસિંહે કહ્યું હતું કે,



કાશ્મીરની સ્થિતિ દિન પ્રતિદિન બગડી રહી છે. એટલું જ નહીં સરહદ પર આતંકવાદની સામે હળવું વલણ અપનાવવામાં આવી રહ્યું છે. આતંકવાદીઓ પરિસ્થિતિનો લાભ લઈ રહ્યા છે. આંતરિક આતંકવાદમાં પણ વધારો થયો છે. આ બાબત તમામ નાગરિકો માટે ચિંતાજનક છે. મોદી સરકાર આ તમામ સમસ્યાઓનો ઉકેલ શોધવામાં નિષ્ફળ રહી છે. જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત પક્ષો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર ભારતનો અખંડ હિસ્સો છે. તેમણે ઉમેર્યું હતું કે, અમને ત્યાંની સમસ્યાને સમજવાની જરૂર છે. તેમને ગંભીરતા સાથે હાથ ધરવાની જરૂર છે. વિદેશ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહાર કરતા મનમોહનસિંહે કહ્યું હતું કે, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, ચીન અને નેપાળની સાથે સમસ્યા હોઈ શકે છે પરંતુ વાતચીત મારફતે જ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. પાકિસ્તાનની વાત કરવામાં આવે તો અમને માનવું પડશે કે તે પડોશી દેશ તરીકે છે.

આની સાથે સાથે તેને એ બાબત પણ સમજાવવી પડશે કે આતંકવાદનો રસ્તો તેના માટે યોગ્ય રસ્તો નથી. રોજગારના મુદ્દા ઉપર કેન્દ્ર સરકારને ભીંસમાં લેવાના પ્રયાસમાં તેમણે કહ્યું હતું કે, જ્યારે મોદી ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા

● અનુસંધાન પાન-૭ પર

# આજે લાલુ યાદવ ડુમકા કેસનો ચુકાદો જાહેર થશે

**ઘાસચારા કૌંભાડના ડુમકા તિજોરમાંથી ઉચાપતના મામલામાં લાલુ, જગન્નાથ મિશ્રા અને અન્ય ૨૯ આરોપી છે : કોર્ટના ચુકાદા પર બધાની નજર કેન્દ્રિત**

રાંચી,તા. ૧૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ઘાસચારા કૌંભાડના ચોથા કેસમાં આવતીકાલે સીબીઆઈ કોર્ટ સઘન સુરક્ષા વચ્ચે ચુકાદો જાહેર કરનાર છે. આ કેસમાં બિહારના પૂર્વ મુખ્યપ્રધાન અને આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવ અને જગન્નાથ મિશ્રા સહિત અનેક હાઈ પ્રોફાઈલ લોકો આરોપ તરીકે છે જેથી ચુકાદા પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ઘાસચારા કૌંભાડનો ચોથો કેસ ડુમકા તિજોરીમાંથી ૩.૧૩ કરોડ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત છે. એ વખતે લાલુ યાદવ બિહારના મુખ્યમંત્રી હતા. આ કેસમાં બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા અને અન્ય ૨૯ લોકો પણ આરોપી છે. આ તમામ આરોપીઅંગે ચુકાદો જાહેર કરવામાં આવનાર છે. ૬૯ વષીય લાલુ યાદવ હાલમાં ગયા વર્ષે સજા કરવામાં આવ્યા બાદથી ડિસેમ્બર મહિનાથી બિરસા મુન્ડા જેલમાં છે. રાંચીમાં ડોરાન્ડા તિજોરીમાંથી ૧૩૯ કરોડ રૂપિયાની ઉંચાપત સાથે સંબંધિત મામલો હજુ પેન્ડિંગ છે. લાલુને ઘાસચારા કૌભાંડના ત્રણ કેસમાં પહેલાથી જ સજા આપવામાં આવી ચુકી છે.

# સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરી પાકનો ગોળીબાર : પાંચના મોત

**નાગરિક વિસ્તારમાં કરાયેલા ગોળીબારથી લોકોમાં ભારે દહેશત : ફેબ્રુઆરી સુધી ૪૩૨ વખત યુદ્ધવિરામનો ભંગ**

શ્રીનગર, તા. ૧૮

પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામ ભંગનો સિલસિલો યથાવતરીતે જારી રહ્યો છે. આજે કાશ્મીરના પૂંચવિસ્તારમાં બે લોકો ઘાયલ થયા હતા. નાગરિક વિસ્તારને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન તરફથી કરાયેલા ગોળીબારમાં



બાલાકોટ વિસ્તારમાં પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબારમાં પાંચ લોકોના મોત થયા હતા આને અન્ય મૃત્યુ પામેલા પાંચ લોકો પૈકી ચાર લોકો એક જ પરિવારના હોવાનું પણ જાણવા મળ્યું છે.

સુરક્ષા દળોએ પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબાર બાદ આમાં માર્યા ગયેલા લોકોના સંદર્ભમાં માહિતી આપી હતી. ઘાયલ થયેલા અન્ય બે લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં પાકિસ્તાન તરફથી ૪૩૨ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષની શરૂઆતથી જ પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામ ભંગની અનેક ઘટનાઓ બની ચુકી છે. ગૃહમંત્રાલયે પોતાના લેખિત જવાબમાં આ અંગેની માહિતી આપી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ત્રાસવાદીઓને ઘુસાડવાની ગતિવિધિ પાકિસ્તાને જારી રાખી છે. ઈજાગ્રસ્તોને પુરતી સારવાર આપવામાં આવી રહી છે.

# કારોબારીની રચના કરવા માટે રાહુલને તમામ સત્તા

**સર્વસંમતિથી દરખાસ્તને સ્વીકારી લેવામાં આવી : કોંગ્રેસ પ્રમુખને જવાબદારી સોંપવાની પ્રથા કોંગ્રેસમાં પહેલાથી જ રહી છે : ગુલામનબી આઝાદ**



નવીદિલ્હી, તા. ૧૮

કોંગ્રેસના અધિવેશનના આજે અંતિમ દિવસે પાર્ટી પ્રમુખ રાહુલ ગાંધીને કોંગ્રેસ કારોબારી કમિટિની રચના કરવા તમામ સત્તા આપી હતી. સર્વસંમતિ સાથે આ દરખાસ્ત સ્વીકારી લેવામાં આવી હતી. દરખાસ્ત અંગે વાત કરતા પાર્ટીના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે, કોંગ્રેસના ઈતિહાસમાં કારોબારીની ચૂંટણી અનેક વખત યોજાઈ ચુકી છે. કારોબારીની રચનાની જવાબદારી પાર્ટી પ્રમુખ ઉપર છોડવામાં આવી છે. કારોબારીની રચના સામાન્યરીતે પાર્ટી પ્રમુખ દ્વારા જ કરવામાં આવે છે. કોંગ્રેસની આ બેઠક હાલમાં યોજાઈ છે. શનિવારના દિવસે કોંગ્રેસના અધિવેશનની શરૂઆત થયા બાદ આજે બીજા દિવસે આની પૂર્ણાહૂતિ થઈ હતી. દેશભરમાંથી કોંગ્રેસના તમામ નેતાઓ આમા ઉપસ્થિતિ રહ્યા હતા જેમાં જુદા જુદા રાજ્યોના ટોચના નેતાઓ પણ સમાવેશ થાય છે. આ બેઠકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, સોનિયા ગાંધી, ઉત્તર પ્રદેશ એકમના વડા રાજ બબ્બર અને જુદા જુદા રાજ્યોના વરિષ્ઠ નેતાઓએ હાજરી આપી હતી. ગઈકાલે અધિવેશનના પ્રથમ દિવસે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આક્રમક નિવેદન કરીને મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. યુપીએના અધ્યક્ષ તરીકે પોતાના સંબોધનમાં સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી લોકોના દિલમાં રહે છે. જે લોકો તેના અસ્તિત્વને ખતમ કરવાની વાત કરી રહ્યા છે તે લોકો હવે આ બાબતને સમજી ગયા છે. રાહુલ ગાંધીએ પણ ઉદ્‌ઘાટન સત્રને સંબોધન કરીને સરકાર ઉપર પ્રહારો કર્યા હતા.

# આજે મમતા બેનર્જીની સાથે ચંદ્રશેખર રાવની બેઠક યોજાશે

**બિન ભાજપ, બિનકોંગ્રેસ વિકલ્પ પર ચર્ચા કરાશે : કોલકાતામાં આજે સાંજે ચાર વાગે બેઠક : જુદા જુદા વિષયો પર પણ ખાસ ચર્ચા કરાશે**

નવીદિલ્હી, તા. ૧૮

બિનભાજપ અને બિન કોંગ્રેસ વિકલ્પ સ્થાપિત કરવા માટે પ્રયાસ કરી રહેલા તેલંગાણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવે આવતીકાલે કોલકાતામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાતચીત કરવાનો નિર્ણય કર્યો છે. રાવે હાલમાં જ કહ્યું હતું કે, બિન કોંગ્રેસ અને બિન ભાજપ મોરચાની રચના કરવામાં આવી શકે છે. આને તેઓએ મજબૂત વિકલ્પ તરીકે ગણાવીનો આ દિશામાં આગળ વધવા કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ આ રાજકીય મોરચાની જવાબદારી લેવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેલંગાણાના મુખ્યમંત્રીની ઓફિસમાં પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, રાજનીતિમાં નવા વિકલ્પની વાત ચંદ્રશેખર રાવ કરી રહ્યા છે ત્યારે આ મિટિંગને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આવતીકાલે મમતા બેનર્જી સાથેની બેઠકમાં નવા વિકલ્પ ઉપર ચર્ચા થશે.

● અનુસંધાન પાન-૭ પર

## અભિનવ ક્લીનીક

**ડો. અનિલ વેદની OPDના સમયમાં તા. ૧/૩/૨૦૧૮થી નીચે મુજબ ફેરફાર કરાયેલ છે.**

| સમય | સોમવાર | મંગળવાર-બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|
| *સવારે ૮ થી ૮ | ---- | પ્લોટ નં. ૭૧૯/૨, પંચશીલ પાર્ક સોસાયટી સેક્ટર-૨૧, ગાંધીનગર | ---- | પ્લોટ નં.૭૧૯/૨ પંચશીલ પાર્ક સોસાયટી સેક્ટર-૨૧, ગાંધીનગર | ---- |
| *બપોરે ૧૦.૩૦થી બપોરે ૧.૧૫ | પ્લોટ નં. ૩૨૭, અજન્ટા કોમ્પલેક્ષ, સેક્ટર-૧૬, ગાંધીનગર | | | | |
| સાંજે ૫ થી ૮ | પગરવ હોસ્પિટલ, રોડ નં. ૬ પર, સેક્ટર-૨૩, ગાંધીનગર | | | | |
| *રાત્રે ૮ થી ૯ | પ્લોટ નં. ૭૧૯/૨, પંચશીલ પાર્ક સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર | | | | |

*કરેલ સમય માટે અગાઉથી ડોક્ટરની મુલાકાત માટે સમય મેળવી લીધા બાદ આવવા નમ્ર વિનંતી છે.

: ડોક્ટરના સંપર્ક માટે :

● સેક્ટર-૧૬ : ૦૭૯-૨૩૨૨૨૮૬૫ ● સેક્ટર-૨૧ : ૦૭૯-૨૩૨૨૧૦૬૪ ● મોબાઈલ નં. : ૯૪૨૮૦૧૮૨૮૪

અંદરના દર્દીનો વિભાગ બંધ કરેલ છે. (સેક્ટર-૧૬માં)

# આંધ્રમાં સ્થિતિ વધુ મજબૂત કરવા અમિત શાહ સુસજ્જ

**આંધ્રના સ્થાનિક નેતાઓ સાથે અમિત શાહની બેઠક**

નવીદિલ્હી, તા. ૧૮

ટીડીપીએ એનડીએ સરકાર સાથે છેડો ફાડી લીધા બાદ ભાજપે આની ગંભીર નોંધ લીધી છે અને હવે આંધ્રપ્રદેશમાં પણ ચંદ્રાબાબુ નાયડુને મોટો પડકાર ફેંકવા ભાજપના વરિષ્ઠ નેતાઓએ તૈયારી કરી લીધી છે. આંધ્રપ્રદેશમાં ભાજપની સ્થિતિને જાણવા માટે ભાજપ પ્રમુખ અમિત શાહે ભાજપના નેતાઓ સાથે વિસ્તારપૂર્વક બેઠક યોજી છે. ચંદ્રાબાબુ નાયડુને આંધ્રપ્રદેશમાં જ મુશ્કેલીમાં મુકવા માટે રણનીતિ પણ તૈયાર કરવામાં આવી રહી છે. આંધ્રપ્રદેશમાંથી પાર્ટીના નેતાઓ સાથે અમિત શાહે સતત બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. અમિત શાહે આંધ્રપ્રદેશમાં પાર્ટીના નેતાઓ સાથે બેઠક યોજ્યા બાદ એક ટીવી કાર્યક્રમમાં બોલતા અમિત શાહે કહ્યું હતું કે, આંધ્રપ્રદેશમાં અમારા ૪૮૦૦૦થી વધારે બૂથ લેવલના વર્કરો છે. નાયડુએ આંધ્રપ્રદેશમાં ભાજપને મજબૂત થવા અને

● અનુસંધાન પાન-૭ પર

નોકરીની સુવર્ણ તક

જોઈએ છે પીકઅપ અને ડિલિવરી પાર્ટનર્સ / ડિલિવરી એક્ઝીક્યુટીવ

SWIGGY FOOD DELIVERY APP | ફુડ ડિલિવરી

ફુલટાઈમ / પાર્ટટાઈમ | માસિક વેતન રૂા. ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ

+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે) ₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)

ઉંમર ૧૮ વર્ષ અને વધુ • વાહન • એન્ડ્રોઈડ મોબાઈલ (4.4.2) આધાર • પાન કાર્ડ • ડ્રાઈવીંગ લાઈસન્સ • RC બુક જરૂરી

રસ ધરાવતા ઉમેદવારો સવારે ૯ થી સાંજે ૬ સુધી રૂબરૂ મળો.

SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર

બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

### શરદ પવારની રાજ ઠાકરે સાથે શુક્રવારે બેઠક

નવીદિલ્હી, તા. ૧૮

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ એનસીપીના વડા શરદ પવાર સાથે શુક્રવારના દિવસે બેઠક યોજ્યા બાદથી રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં નવા રાજકીય સમીકરણો રચાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ બેઠક ૪૦ મિનિટ સુધી ચાલી હોવાના અહેવાલ મળ્યા છે. શરદ પવારના નેપિયન સીરોડ ખાતેના આવાસ ઉપર આ બેઠક યોજાઈ હતી.

## વાસ્તુશાસ્ત્ર (શુભ વાસ્તુ)

● ઘર અને કુટુંબ સંબંધી સમસ્યા ● નોકરી અને ધંધાની સમસ્યા ● આરોગ્ય સમસ્યા ● નાણા ફસાવવા અથવા પ્રગતિ ન થવી ● બાળકની સમસ્યા ● પતિ-પત્નીના ઝઘડા ● શિક્ષણ સમસ્યા

આ બધી જ સમસ્યાનું કારણ આપનું ઘર અથવા કાર્યસ્થળ હોય છે

વાસ્તુ શાસ્ત્રનું સાચુ મહત્વ જાણો અને તમારી તમામ સમસ્યામાંથી બહાર આવો.

અમારી સલાહ તમને યોગ્ય ન લાગે તો Visit ફ્રી કરી આપવામાં આવશે.

- હિતેષભાઈ : સમય : ૧૦ થી ૬.૩૦ -

મો. : ૭૯૮૪૨૨૩૦૪૪ ● મો. - ૬૩૫૨૬૨૧૫૯૩

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય